પ્રા.ડૉ.તૃપ્તિ સી. પટેલ,
ગુજરાતી વિભાગ,
ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

# વ્યતીતની વાટે, સંવેદનાના ઘાટે

જોસેફ મેકવાન બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક છે. તેમણે ૧૪ નવલકથાઓ, ૧૨ રેખાચિત્ર સંગ્રહો, ૭ વાર્તા સંગ્રહો, ૩ નિબંધસંગ્રહો, ૨ અહેવાલ-સંગ્રહો અને ૨ સાહિત્યલેખો અને વિવેચનગ્રંથો આપવા ઉપરાંત ‘અમર સંવેદનકથાઓ’, ‘અનામતી આંધી’ જેવાં ચાર સંપાદનો પણ આપ્યાં છે. એમના આ વિપુલ ને વૈવિધ્યસભર સાહિત્યરાશિ તરફ નજર કરનારને એમાં અભિવ્યક્ત થયેલી સર્જકની સંવેદનશીલતા તરત દેખાઈ આવશે, શું નવલકથા કે શું વાર્તા, શું ચરિત્રલેખન કે પછી શું નિબંધલેખન-સર્જકની કલમ સંવેદનાના રસાયણમાં પૂરેપૂરી ઝબકોળાયા પછી જ સહજ રીતે પોતાની અનુભૂતિ વ્યક્ત કરે છે.

લેખક જોસેફ મેકવાન ગુજરાતી સાહિત્યમાં જ નહીં, સમગ્ર ભારતીય સાહિત્યમાં પણ પોંખાયા છે  તે તેમની નવલકથાઓ અને રેખાચિત્રોથી - વિશેષત: ‘આંગળિયાત’ નવલકથા અને ‘વ્યથાનાં વીતક’નાં રેખાચિત્રોથી. ‘વ્યતીતની વાટે’ એમનો ‘નોખો-અનોખો’ નિબંધસંગ્રહ છે. પણ આવા વિશિષ્ટ નિબંધસંગ્રહ તરફ વિવેચકોનું વિશેષ ધ્યાન ગયું નથી એથી થોડું આશ્ચર્ય થાય છે. અલબત્ત મણિલાલ હ. પટેલે “જોસેફ મેકવાનના કથાસાહિત્યથી, કાલે આ નિબંધોને કોઈ આગળ મૂકીને મૂલવે તો મને આશ્ચર્ય નહી લાગે” એમ કહીને આ નિબંધો તરફ વિવેચકોનું ધ્યાન જરૂરથી દોર્યું છે.

મુંબઈથી પ્રગટ થતા ‘જન્મભૂમિ-પ્રવાસી’માં જોસેફ મેકવાનની ‘ભવાટવિ’ કોલમ લખાતી હતી. એ કોલમનું મંગલાચરણ ‘વણછો’ ઉર્ફે ‘ગુલમહોરનું પહેલું ફૂલ’ નામના નિબંધથી થયેલું. હરીન્દ્ર દવેની પ્રેરણા ને પ્રેમને કારણે જોસેફભાઈએ નિબંધલેખન આરંભેલું, પણ એની પાછળનું ઉત્કટ પ્રેરણાબળ તો એમના ખુદના દિલોદિમાગમાં પડેલી અતીતરાગ આલાપવાની લાગણી છે. સર્જક એનો એકરાર કરતાં નોધે છે: “યથેચ્છ મનોવિહારની સ્મરણામાં મેં આ નથી રચ્યું, લીલયા જે આવ્યું કે નીપજ્યું તે જ - આવકાર્યું છે. તો પણ એમાં મારૂં પોતીકું એક વિશિષ્ટ ઈંગિત રહ્યું જ છે. તે એ કે માણસ હોવાના લેખામાંય જે નથી લેવાયાં એવાં માણસુડાનુંય એક જગત છે, એક અનોખો સંસાર છે. એમની ઋતુઓ છે ને એમનાય તહેવારો ટાણાં છે. જીવતરની એક આગવી એવી એમનીય સમજ છે ને છે એક ઉવેખી ના શકાય એવી આંતર-સંપદા ! કથા-

નવલકથામાં જે ન સમાવી શકાય એ મેં આ લખાણોમાં અનાયાસે અવતર્યું ત્યાં ત્યાં આવકાર્યું છે. અતીતરાગની મારી રગને એ માફક આવ્યું છે, ને મનને ભાવ્યું છે."

'વ્યતીતની વાટે' નિબંધસંગ્રહમાં કુલ ૧૮ નિબંધો છે, જેને લેખક પોતાના 'વ્યતીતની વિશ્રંભકથાઓ' તરીકે ઓળખાવે છે. આ નિબંધોમાં સર્જકે વતન-ગામમાં જાણેલી ને મનભરીને માણેલી ઋતુઓ, વૃક્ષો, ખેતરો ને એમાં કલબલતાં પક્ષીઓ – પશુઓથી માંડી 'ધૂળીયો મારગ', 'ઘર ઘરની કનેરીની ઝૂલ મારા માથાની મૂલ!' અને 'વાત એક અંધારી રાતની' જેવા નિબંધોમાં ધૂળિયા મારગ અને ઘરની માયા સ્વાભાવિક રીતે અભિવ્યક્ત થયાં છે. સર્જકે વ્યતીતની વાટે ચાલતાં ચાલતાં નગરનિવાસના વિરોધમાં ગ્રામજીવનની સંસ્કૃતિને ભર્યા ભર્યા આત્મસંતોષને નિરૂપ્યો છે. ત્રણ ત્રણ દાયકાના નગરનિવાસ પછીયે સર્જકના મનને સુખ નથી, ચેન નથી, હરખ નથી, સંતોષ નથી; દોઢ બે દાયકા દરમિયાન વતનમાં વિતાવેલી e જિંદગી, એની અનર્ગળ આપદાઓ છતાં જીવંત જીવનરસથી ધસમસતી હોવાને લીધે નિબંધલેખન સમયે પણ લેખકના મનને આકળવિકળ કરી મેલે છે, એની અણિયાળી યાદ લેખકથી વિસરાતી નથી. 'ઘર-ઘરની કનેરીની ઝૂલ મારા માથાની મૂલ' નિબંધનો આ અંત જુઓ: "આજે મારા નૂતન આવાસમાંના મારા ઓરડામાં હું મનગમતી સુવિધાઓ કરાવું છું. એમાં જ ઢોલિયો ઢાળું છું. મોડી રાત લગી વાંચું છું; પણ નિંદરનું પહેલું ઝોકું આવે છે ને આંખો મીંચાય છે ત્યારે વરસતા વરસાદની રમઝટમાં ચૂવા ચૂતું, હાડ થીજવતા શિયાળાની રાતે હૂંફ ધરતું કે ધોમધખતા બપ્પોર જામ્યા હોય અને પંખો હવાતિયાં મારતો હોય ત્યારે 'અનેક ચાંદરણાં રેલાવતું મારું પિતરો પુરાણું પિંઢેરિયું ઘર મને આલહ – વેલહ કરી મેલે છે!" આવો જ વલવલાટ લેખકે 'ધૂળિયો મારગ' કે 'યુગવીતી યાદનો અણસાર' જેવા અનેક નિબંધોમાં વ્યક્ત કર્યો છે.

આ નિબંધોમાં સર્જકે પ્રકૃતિ અને માનવીની જીવનલીલા તેમજ ગ્રામપરિવેશ સાથે ઋતુ ઋતુના વૈભવને સરસ રીતે વર્ણવ્યો છે. લેખકે બાળપણ અને કિશોરાવસ્થામાં ત્રણેય ઋતુઓને મનભરીને માણી છે. એમને મન લીલુતરા વૈભવે આખી સીમ છલકાઈ ઊઠે ને તુવેર, ઝાલરનાં ફૂલડાની પીતાભ આખા ખેતરોને ઢાંકી દે એ શિયાળો, અગનઝૂરતું આભ ક્યાંય માથું મેલવાની શીળપ ના રહેવા દે એ ઉનાળો, ને જમીન આસમાન જળબંબાકાર કરી દે એ ચોમાસું. 'ધૂળિયો મારગ', 'સૈયારી સોગાદ શિયાળો' અને 'આંબે આવ્યો મોર, એની વાત કરશું ઓણ' જેવા નિબંધોમાં લેખકે ઋતુઓના પરિવર્તન અને રસ્તાના પ્રકૃતિદત્ત વૈભવને એ કેવી રીતે રળિયાત કરે છે એની વાત કરતાં કરતાં વિભિન્ન ઋતુઓમાં મહોરતાં અને ખીલતાં વૃક્ષો, વેલાઓ ને જાતભાતના શાક-પાંદડાંની વાત આલેખી છે. બોરડી, સમડા, હરેરા, બાવળ, કંકારો અને કથારોથી અડાબીડ જંગલ જેવો ભાસતો ગામનો ચરો ખરે બપોરે કેવો ભેંકાર લાગે ને રાત્રે એવો બિકાળવો બની જાય કે ગાત્રો થીજી જાય, એ વાતને પણ સ્મરી છે. છેક ગામ સુધી ધસી

આવતાં ચોમાસાનાં પાણી ખસી જાય ત્યારે રસ્તાની બંને કોરની વાડો, જાળાં ને ઝાંખરાં, જંગલી પાડાવેલાં, કડવાં ગીલોડાં, પીળાંચટ્ટાં ઝેર કછોલાં, મઠમઠીના વેલા ને પૈડાંવાળા આબાવેલાથી લદાઈ જતા. એમાંથી જ ઉગી નીકળતી વર્ષાડોળી અને એના ફૂલોની અનેરી લિજ્જત વિશે વાત કરીને લેખક ‘એમાંથી બનતી ભાજીનો સ્વાદ પંચતારક હોટલનેય લજવી દે તેવો હોતો!’ એવું નોંધીને તાજાં ને લીલાકચ કંકોડાના શાકના અનોખા સ્વાદનેય સંભારે છે. સાથે સાથે હળવો કટાક્ષ કરવાનું પણ ચૂકતા નથી: “તે કાળે વર્ષાડોળી કે કંકોડાની વાડીઓ ના હોતી, જંગલી ઘાસની જેમ જ એ ફૂટી નીકળતા, વીણે એ ખાય એવી એની બાદશાહી!” તુવેરોના લીલવા, એમાં થોડાક વેંગણ, લસણીયા મરચું, લીલા ધાણાં ને જીરાના વઘાર સાથે કરેલા શાકનું વર્ણન વાંચતા ભાવકના મોઢામાંય પાણી છૂટે છે. રતોળા ને ઊંધિયા કે તાજા મહુડાના ત્રણ સ્વાદ-બાળમિત્રો સાથે માણેલા સ્વાદના વર્ણનો વાચકને જકડી રાખે છે. આ બધા નિબંધોમાં સર્જકે ગ્રામપરિવેશને વર્ણવીને એમાં મુગ્ધ શૈશવલોકને આબાદ રીતે આલેખ્યો છે.

લેખકને અને એમના બાળમિત્રોને એકેએક ઝાડવાંનો પરિચય છે. સર્જકને મન ‘વૃક્ષ’ ભણતરવાળાંનો શબ્દ છે, ‘ઝાડ’ ગણતરવાળાંનો. અને આ ગણતર ગાંઠે બાંધ્યું છે એવા સર્જક અને એમના બાળસાથીઓ સીમમાંના હર એક આંબાના મૉરની સોડમ પારખી શકતા. એટલે સુધી કે કોઈ મૉર ચૂંટી લાવીને સૂંઘાવે તો તેઓ આંખો બંધ કરીને પારખી કાઢે કે આતો શ્રાવણીયો મૉર! ઝાડ સાથે આવો નાભી – અનુબંધ ધરાવતા સર્જકને ગામના એકેએક વડલાની, રાયણ કે મહુડાની ઓળખ છે. ગામની સીમના કયા ખૂણે કયું ઝાડવું છે એની એમને પાકી ઓળખ છે. ‘આંબો ઉછેરે આયખું તરે, ને રાયણ ઉછેરે ઋણ છૂટે’ – આવો અચળ ભરોસો એમને પણ આયખાની આયાતમાંથી મળ્યો છે.

સર્જકને નાનપણથી જ પક્ષીઓ અને પશુઓ પ્રત્યે અપાર માયા અને મમતા છે. નાનપણથી જ ગ્રામ્યપરિવેશ સાથે એકાકાર બની ગયેલાં પક્ષીઓ અને પશુઓનું સર્જકે સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે. અને એમની જીવનરીતિને જાણવાનો પ્રયત્ન પણ કર્યો છે. એમાં ક્યાંક કૂતુહલ છે તો ક્યાંક કંઇક નવું જ સાહસ કરવાની વૃતિ પણ છે. ‘સુઘરીની યાદ’, ‘તરોટો અને ચકલી’, ‘મોરની મમતા’, ‘વિજયી મરઘો ને હું’, ‘કાળું અને કીક’ આદિ નિબંધો તો જે તે પંખી-પશુને સંદર્ભે જ લખાયા છે. પણ એ સિવાયના નિબંધોમાં પણ ક્યાંક ખિસકોલી, કોયલ કે કાગડાની વાત પણ માંડી બેઠા છે. લેખકના મનમાં કોયલ હંમેશા ચિરવિજોગણ વસી છે, ને એના સૂરમાં આનંદ ને ઉલ્લાસને બદલે સદૈવ વેદના જ સંભળાઈ છે. તો કાગડો એમને મન કજિયાળી જાત અને દોષીલો વેરભાવ ધરાવતું પંખી છે. ઘરના તરાટાં અને ઘરમાં ફોટોફ્રેમ પાછળ માળો બાંધતા ચકલાં એમને મન હઠીલા, નિર્લજ્જ ને ધૂર્ત છે. તો બાળપણથી જ પ્રિય એવી સુઘરી એમને મન સુઘડ, શાલિન અને શાંત સ્વભાવની છે. બાળ જોસેફે અને એમના મિત્રોએ એકવાર

મરઘીનાં ઈંડા ભેળું મોરનું (ઢેલનું) ઈંડું સેવાવેલું. આ જ તર્કને આધારે બાળ જોસેફે જો કોયલનું ઈંડું મરઘી સેવે અને એમાંથી બચ્ચું નીકળે એ સુપેરે પાળી શકાશે એમ માનીને કાગડીના માળામાંથી કોયલનું ઈંડું શોધી કાઢવા સમડાના ઝાડ પર ચડેલા અને કાગડીના માળામાંથી ઈંડું લેવા જતાં કાગડી અને પછી કાગટોળીનો શિકાર બની લોહીલુહાણ બનેલા. આમ, આ નિબંધોમાં સર્જકે માત્ર જોયુલું અને જાણેલું જ નહીં, પણ અનુભવેલું છે તેનું નિરૂપણ કર્યું છે.

મોર, મરઘો ને ડીકને લેખકે પૂરા દિલથી ચાહ્યાં છે અને હેત-મમતાથી એમને ઉછેર્યાં છે. પણ પોતાની આંખ સામે જ એમને કાળનો કોળિયો બની જતાં જોઇને લેખકે અનુભવેલી વેદના ભાવકના હૃદયનેય હચમચાવી જાય છે. ઢેલના ઈંડાને પોતાની મરઘીના ઈંડા સાથે સેવાવીને એમાંથી જન્મેલા બાળમોરને પૂરી જહેમતથી ઉછેર્યો. પોતાનો પાળેલો મોર યુવાન થતાં ઢેલ વિના ઝૂરે છે એવું જોતાં બાળ જોસેફે એને મોતીમિયાંની ઢેલ સાથે ભગાડી દેવામાં તો સફળ થાય છે, પણ અંતે એ મોર ઘાતકી ને ક્રૂર મોતીમિયાંના પેટનો આહાર બની જાય છે. ભીલમામા વાળો મરઘો મોતીમિયાંના ધૂનધાર મરઘા સામે વિજયી થાય છે ત્યારે બાળ જોસેફ અને મિત્ર મગન કિલકારિયા કરી વિજેતાવીરને પોંખી લેવા દોડે તે પહેલા જ મોતીમિયાંની બંગાળી બંદૂકના ભડાકાથી ભૂંજાઈને કોલસા જેવો થઇ જાય છે. એજ રીતે ખોટી દાનતથી ઉછેરેલું રોઝનું બચ્ચું ડીક નરાધમ લુકાસની ગોળીથી વિંધાઈને મોતને ભેટે છે અને પછી લુકાસના પેટનો ખાડો પૂરવા રંધાય છે. મોર, મરઘો અને ડીક ત્રણેયને બાળ જોસેફે લાડકોડથી રમાડ્યાં છે, ઉછેર્યાં છે અને એમની સામે જ એ મોતને ભેટે છે ત્યારે પારાવાર વેદનાનો અનુભવ કરે છે.

આ નિબંધોમાંથી થોડાંક નોખાં વ્યક્તિચિત્રો મળી આવે છે. નામને પરમાણ ગામના ઉદારદિલ વિરુભાઈ મુખી અને એવો જ ગામનો પગી, તરાપા બાંધવામાં નિષ્ણાત પૂનમો ને ઉગતા ને ઉછેરવા વાડોલાં કરતા, વાઢથી બચાવવા ઝૈડાની કાંટા ઝેંટતા પરભોજી, દરિયારામના પહેલીવાર દર્શન કરાવતી રૂથભાભી અને છત્રીસકલાઓના જાણતાલ ને તેમાંય હડણ હંચવાના કીમિયાગર ગમેચી ભવાન ભગત ને આ કલામાં માહેર બનેલા એમના બે ચોટલી ચેલા : ખુશાલ પિસ્તાલી અને પાંચો ચેરિયાવો; એમાં ખુશાલ તો વળી, તરાટા બાંધવાની કળાનો મહાકસબી, બારેય મેઘ ખાંગા થઈને ભલેને વરસે પણ પિસ્તાળીના પરોવ્યા બંધિયામાંથી એક ફોરું પાણી ભીતર ભણી ટપકવા ન પામે, આડા ઝાપટાંની ત્રાટકતી વાછોટ પણ પિસ્તાલીના તરાટાની આમન્યા ના લોપી શકે!" પણ આ બધામાં જુદાં તરી આવતાં ને હંમેશા યાદ રહી જાય તેવા વ્યક્તિચિત્રો તો છે મોતીમિયાં શિકારી અને જમનદાદીના, મોતીમિયાંના શેખીખોર અને તુંડમિજાજી સ્વભાવની સાથે સાથે એની બેરહમી અને એની અમાનુષી પાપલીલાને લેખકે વેધક રીતે રજૂ કરી છે. તો 'ઘરઘરની કનેરીની ઝૂલ મારા માથાની મૂલ' નિબંધમાં જમનદાદીના આંતરબાહ્ય વ્યક્તિત્વને લેખકે બખૂબી આલેખીને એમની

સર્જકશક્તિનો આબાદ પરિચય કરાવ્યો છે: “ડોશી હાડે હબદાં ને ખાલે ખડાંધડાં. ઊંચા-પૂરા ને પહોંચેલાં. દોઢવડો દેહ અને બત્રીસી સાબૂત, બે વીઘાનું ક્યારડું, પચાસ સાઠ મણ ડાંગર પકવે ને ડોશી જાતે થોડીક મજૂરીય કરી લે. કદી એમને કશી તોછડ ના પડે, ના કોઈના ઓશિયાળાં થાય. એમનો સ્વભાવ ભારે આકારો ખિજ્યાં હોય તો ખાપરાને ખો ભૂલાવે એવાં વઢય કે વઢયનારું આલ્યમાં જ માનતાં જમનડોશીને જો કોઈનો વાંક વસ્યો હોય તો એનું ધનોતપનોત નીકળી જતું. ના એમની સાથે સમજોટીનું શસ્ત્ર કારગત  નીવડતું, ના એમને પહોંચી વળાતું. એમના મોમાંથી આગની જેમ ઓકાતી વાણી અનર્ગળ રહેતી, વાક્યરચનાના સાદા-સંયુક્ત ને મિશ્ર ત્રણેય પ્રકારોની એમાં રમઝટ રહેતી. એના કર્તા, કર્મ કે ક્રિયાપદ કયાં એ વ્યાકરણીય કળી ના શકે તો ઉપમાન – ઉપમેયના ભેદ અલંકાર પારંગતેય પારખી ના શકે. શબ્દની શતધા શક્તિઓ એમના હોઠોએ અનાયાસે જ પ્રસ્ફુટી ઊઠતી.”

આ નિબંધોમાં પ્રયોજાયેલી ભાષા પણ નિબંધને ઘાટ આપવામાં અમૂલ્ય ફાળો આપે છે. લેખકે કશાંય રંગરોગાન કર્યાં વગર તળપદા સંસ્કાર વાળી બળૂકી ભાષા પ્રયોજી છે. એમાં એમને ગ્રામ્યજીવન સાથે ઓતપ્રોત થયેલી કહેવતો કે રૂઢીપ્રયોગો અને દ્રશ્યશબ્દો ઠીક ઠીક ખપ લાગ્યા છે. પાત્ર, પ્રસંગ કે પરિસ્થિતિ અનુસાર યોજાયેલી બળકટ ભાષાને કારણે નિબંધ વાચકને જકડી રાખે છે. ‘ઘર ઘરની કનેરીની ઝૂલ, મારા માથાની મૂલ’માં પ્રયોજાયેલી ભાષાનું ઉદાહરણ જુઓ: ‘શકરાની બકરીને કાઢવા જતા જમનદાદી લપસ્યા અને શકરાથી હસી પડાયું. એ જોઈ ડોશીનો પારો સાતમાં ભવનમાં પહોંચી ગયો. અને શકરાને ઉદ્દેશીને બોલ્યા; “મેર રે, નભોઈ રાંડના લાખા! તારું નખ્ખોદ જાય! મુઆ મફતિયા – શંખણીના સેવ્યા, તારી માના હાતમાં ધણીના મૂતરની ધારના ધૂળછાંડ્યા! તને ભાન ન’તું પડતું? તારા બેનિયાની માનું કડલું ખુલ્લું હતું. મારી હોછ્યના કૈક્યા, કળજગના કૂતરા! તારું સત્યાનાશ જાય, મારા ભાઈના હાળા. તુ મન જમનીન હસ્યો જનાવરના બીના !”

આ નિબંધોમાં એક પ્રદેશ વિશેષમાં જીવતા લોકોનું તળજીવન એમની અનેક આપદાઓ અને ઉપેક્ષાઓ સમેત સરસ રીતે અભિવ્યક્ત થયું છે. સંવેદના અને સમભાવમાંથી પ્રગટેલા આ નિબંધોમાં પશુપંખી અને પ્રકૃતિના પરિવેશ સાથે તળજીવન જીવતા લોકોના આંતરિક સબંધોના પોતમાંથી એક નોખાં જ પ્રકારની ભાતીગળ ભાત ઉપસી આવે છે. આ નિબંધો ક્યાંક ટૂંકી વાર્તાની સરહદોને તો કયાંક બાળપણના સંસ્મરણોની સ્મરણકથાને સ્પર્શે છે; કેટલાક નિબંધોમાં ટૂંકીવાર્તા જેવો ચોટદાર અંત છે તો કેટલાક નિબંધોમાં અતીતને વાગોળતી સ્મરણકથાઓ. પોતે વાવેલો અને ઉછરેલો ગુલમહોર કપાતાં કે નરાધમ લુકાસના હાથે ડીક મોતને ભેટતાં ઉપવાસ કરતા બાળ જોસેફના અત્યંત ઋજુ હાથ અને એ હ્રદયમાં રહેલી સંવેદનાના દર્શન થાય છે. એ સંવેદના મોર કે મરઘાના મોત વખતે પણ જોઈ શકાય છે. સર્જકની આ સંવેદનશીલતા પણ

આ નિબંધોનું એક આગવું જમાપાસું છે. તો આ નિબંધોની એક બીજી વિશિષ્ટતા છે તેમાં વહી રહેલો કથાતંતુ. સંગ્રહમાં મુકાયેલા 'ગુલમહોરનું પહેલું ફૂલ' (વણછો) થી આરંભી છેલ્લા નિબંધ 'જિંદગીની પહેલી મેચ' સુધીના બધા જ નિબંધોમાં આછો- પાતળો પણ કથાતંતુ તો છે જ. કથા હોવા છતાંય એ ટૂંકીવાર્તા નથી પણ નિબંધ છે એ એની વિશિષ્ટતા અને સર્જક જોસેફ મેક્વાનની સર્જક સિદ્ધિ!

'વ્યતીતની વાટે' સંગ્રહમાં સંગ્રહાયેલા નિબંધોમાં અસ્ખલિતપણે સર્જકની સંવેદના વહે જાય છે. સંવેદનાના એક કિનારે પ્રેમ અને લાગણી છે તો બીજા કિનારે વેદના અને દુઃખ છે. પ્રેમ અને વેદનાના કિનારાની વચ્ચે વહે જતી સંવેદના ભાવકહૃદયને પણ ભીંજવી જાય એ રીતે સર્જકે નિબંધ લેખન કર્યું છે. વ્યતિતની વાટે અને સંવેદનાના ઘાટે મળેલા આ નિબંધો ગુજરાતી સાહિત્યનું અનોખું નજરાણું છે.